# ખીજડીયા પક્ષી અભયારણ્યમાં એક વર્ષમાં ૩૩૪ પ્રજાતિઓના ત્રણ લાખથી વધુ પક્ષીઓ બન્યા મહેમાન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાની ભૌગોલિક રચના સુંદર અપરંપાર છે તેમા પણ જામનગરમાં આવેલું ખીજડીયા પક્ષી અભ્યારણએ જિલ્લાની શોભા અને પક્ષીઓ માટે સર્વ સમાન છે. દર વર્ષે શિયાળાની ઋતુમાં યાયાવર સહિત સ્થાનિક પક્ષીઓ માટેનું પ્રિય ઘર બનતું હોય તેમ અસંખ્ય પક્ષીઓ મહેમાન બનતા હોય છે. જેને નિહાળવા માટે પક્ષી અભ્યારણ પ્રવાસીઓના આકર્ષણનું પણ કેન્દ્ર બન્યું છે. છેલ્લા એક વર્ષમાં જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના ત્રણ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા હોવાનું સત્તાવાર રીતે જાહેર થયું છે.

જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ગત વર્ષે પક્ષી ગણતરી કરવામાં આવી હતી. જેમાં ૩૩૪ પ્રજાતિઓના અંદાજે ૩,૦૯,૦૬૨ પક્ષીઓ નોંધાયાનું સામે આવ્યું છે. આ વિસ્તારમાં મુખ્યત્વે કાળી ડોક ઢોંક, ગાજ હંસ, પેણ, ફેંલમીગો, નકટો, લુહાર, ચેતવા, ગયણો, કિચડીયા પક્ષીઓ, ગડવાલ, સીસોટી બતક, ચમચો, કાજીયા, કબુત બગલો, પીળી ચાંચ ઢોંક, ગલ સહિતની જાતિઓના પક્ષીઓ જોવા મળે છે.

નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી એમ ચાર મહિનાના જામનગરના ખીજડીયા પક્ષી અભ્યારણમાં વેહલી સવાર અને સમી સાંજે પક્ષીઓને નિહાળવા એ અમૂલ્ય લ્હાવો હોય છે. દર વર્ષ કરતા આ વર્ષે પક્ષી નિહાળવા આવતા પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે. તહેવારો અને રજાના દિવસોમાં અંદાજે દૈનિક એક હજાર જેટલા પ્રવાસીઓ પક્ષીઓ અને અહીના રમણીય વાતાવરણને નિહાળવા માટે ઉમટી પડે છે.

### દેશના વિવિધ રાજ્યોમાં કવિઝ-૪નો આવતીકાલે પ્રાથમિક રાઉન્ડ યોજાશે

## જામનગર જિલ્લામાં રેકોર્ડ બ્રેક ૫૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ કવિઝમાં ભાગ લેશે

જામનગર : ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'નેશનલ સ્ટેમ ક્વીઝ ૪.૦' ના પ્રિલિમનરી રાઉન્ડનું આયોજન આવતીકાલ ૭ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું છે. આ ઓનલાઈન ક્વીઝમાં સમગ્ર ભારતના વિવિધ રાજ્યો અને બોર્ડના ધોરણ ૯ થી ૧૨ના ૧૫,૦૧,૨૪૯ જેટલા વિદ્યાર્થીઓએ નોંધણી કરાવીને એક નવો વિક્રમ સ્થાપ્યો છે.

આ ઓનલાઈન ક્વીઝ ૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨:૩૦ દરમિયાન યોજાશે.

જામનગર જિલ્લામાં શ્રી એમ.ડી .મેહતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ શકે તે માટે જિલ્લાના ૭ તાલુકા મથકોએ ૭૦ સેન્ટરો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં જામનગર, તેમજ ગ્રામ્ય, જોડિયા, જામજોધપુર, લાલપુર ,ધ્રોલ, કાલાવડ સહિતના તમામ તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓ જોડાશે.

આ નેશનલ સ્ટેમ ક્વીઝનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને જિજ્ઞાસા કેળવવાનો છે. આ સ્પર્ધાના વિજેતાઓ માટે કુલ ૨ કરોડ રૂપિયા સુધીના ઈનામો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સફળ વિદ્યાર્થીઓને ભારતની પ્રખ્યાત વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેવાની અને ત્યાં 'બુટકેમ્પ'માં સહભાગી થવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે.

આ ક્વીઝ ખુબ જ સારી અને સરળ રહે અને કોઈ ટેકનેકિલ ઈસ્યુ આવે તો તેના નિરાકરણ માટે તમામ તાલુકા મથકે સેન્ટર રાખેલ છે . જયારે મુખ્ય મોડલ સેન્ટર તરીકે શ્રી એમ. ડી .મહેતા ધ્રોલ પર ૧૦ સભ્યોની ટીમ કાર્યરત કરેલ છે . આ ટીમના નેતૃત્વ હેઠળ સંજય પંડયા (૯૯૭૯૨૪૧૧૦૦ (૯૩૨૮૬૧૧૧૭૧ (૯૭૨૬૭૭૭૪૯૧) (સતત મોનિટરિંગ કરી રહ્યા છે. આ ક્વીઝ માત્ર એક સ્પર્ધા નથી પરંતુ આવતીકાલના યુવા સંશોધકોને તૈયાર કરવાની દિશામાં એક ઐતિહાસિક પહેલ છે.

જામનગર જિલ્લાની સિદ્ધિ માટે વાત કરવામાં આવે તો કુલ ૫૭,૪૭૭ વિદ્યાર્થીઓએ આ કવીઝ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ સંખ્યા જિલ્લાની શૈક્ષણિક જાગૃતિ અને વિદ્યાર્થીઓની વિજ્ઞાન પ્રત્યેની રુચિ દર્શાવે છે. આ પરીક્ષાનો પ્રથમ રાઉન્ડ સંપૂર્ણપણે ઓનલાઈન માધ્યમ દ્વારા યોજાનાર છે.

# જામનગરમાં ટેક ફેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ફેરનો આવતીકાલથી પ્રારંભ

## જીઆઈડીસી પ્લોટ એન્ડ સેડ હોલ્ડર્સ એસો. દરેડ દ્વારા આયોજિત આ ઓડિશનમાં ૨૬૫ થી વધુ સ્ટોલ જોવા મળશે, સંતો, રાજકીય મહાનુભાવો પણ હાજરીમાં ખુલ્લો મુકાશે



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાતના ઔધોગિક નક્શા પર બ્રાસ સિટી તરીકે ઓળખાતા જામનગર શહેરમાં વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવવાના હેતુથી જીઆઈડીસી પ્લૉટ એન્ડ શેડ હોલ્ડર્સ એસો. (દરેડ )દ્વારા એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા આયોજિત "ટેક ફેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ફેર" ની ભવ્ય છઠ્ઠી એડિસનનું આયોજન આગામી ૭ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન કરવામાં આવ્યું છે. જે જીઆઈડીસી ફેસ -૩ ખાતે યોજાનાર છે.

જામનગરમા છેલ્લા ૫૦ વર્ષથી ૧૦ હજારથી વધુ નાના મોટા બ્રાસપાર્ટ ઉદ્યોગ ધમધમી રહ્યા છે. ત્યારે આ પરંપરાગત ઉદ્યોગોને વૈશ્વિકસ્તરે સ્પર્ધામાં ટકી રહેવા અને નવી ઊંચાઈ સર કરવા માટે મેગા ફેર આ ફેર એક ઉત્પ્રેરક બળ પુરું પાડશે. આ ચાર દિવસીય મહાકુંભમાં દેશભરના ખ્યાતનામ ઉદ્યોગકારો ભાગ લઈ રહ્યા છે. જેઓ ૨૬૫ જેટલા સુસજ્જ સ્ટોલ્સમાં પોતાની શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ અને અત્યાધુનિક મશીનરીનું લાઈવ પ્રદર્શન કરશે. જેથી સ્થાનિક ઉધોગકારોને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય ટેક્નોલોજી નિહાળવાની તક મળે.

આનો હેતુ માત્ર પ્રદર્શન યોજવાનો નથી પરંતુ જામનગરના વર્ષો જૂના ઉદ્યોગોને નવીનતમ ટેક્નોલોજી અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડી તેમનું આધુનિકરણ કરવાનો છે. આ કાર્યમાં એસોસિએશનને સનલાઈન ઈન્ફોટેક ઈવેન્ટ ઈન્ડિયા જેવી પ્રોફેશનલ એજન્સીનો સહયોગ સાંપડ્યો છે. આ આયોજનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેક મહત્વપૂર્ણ સંસ્થાઓ તેમજ વિવિધ ચેમ્બર ઓફ કોમર્સનો સહયોગ મળ્યો છે.

ટેક ફેસ્ટનું ૭ જાન્યુઆરીના રોજ સવારના ૯:૩૦ કલાકે ઉધ્ઘાટન યોજાશે. આ પ્રસંગે ૫ નવતન પુરીધામ મંદિરના આચાર્ય કૃષ્ણમણીજી મહારાજના સાનિધ્યમાં દીપ પ્રાગટ્ય થશે ઉપરાંત રાજયમંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, મેયર વિનોદભાઈ ખીમસુરીયા ઉપસ્થિત રહેશે.

આ સાથે પૂર્વ મંત્રી રાઘવજીભાઈ પટેલ, આર. સી. ફળદુ,ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી વિગેરે પણ હાજરી આપશે. આયોજનને સફળ બનાવવા પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, ઉપપ્રમુખ અતુલભાઈ પટેલ, મંત્રી જીગ્નેશભાઈ લાવટી, ખજાનચી જીતેનભાઈ શાહ વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

કાર્યક્રમની વિશેષ જવાબદારી ચેરમેન અશોકભાઈ કાછડીયા, જોઈન્ટ ઈવેન્ટ ચેરમેન પરેશભાઈ હરપાલ, ઈવેન્ટ વાઈસ ચેરમેન પરેશભાઈ, ઈવેન્ટ જોઈન્ટ વાઈસ ચેરમેન અશોકભાઈ દોમડીયા અને ઈવેન્ટ મંત્રી પિયુષભાઈ પાંભર વિગેરે સંભાળી રહ્યા છે.

# જામનગરના લાલ ટ્રસ્ટ દ્વારા માતા-પિતા વિહાણા વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરાયું



જામનગર : હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ અને કેદાર લાલ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ હરિદાસ લાલના જન્મદિન તા.૨૮-૧૨-૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-જામનગરની કુલ-૪૫ શાળાઓમાં ધો.૫માં અભ્યાસ કરતી વિધાર્થીની કે જેઓને માતા-પિતા અથવા માતા અને પિતા બન્ને હયાત ન હોય તેવી દિકરીઓની સમિતિ મારફતે માહિતી મેળવતાં કુલ-૪૬ દિકરીઓને વાલીપણાના મમત્વ હેઠળ અભ્યાસ ચાલુ હોય.

આ દિકરીઓને વાલીપણાનો પ્રેમરૂપી સહયોગ કરતાં અશોકભાઈ લાલના જન્મદિવસની ઉજવણી હેઠળ કુલ-૪૬ દિકરીઓને નિઃશુલ્ક સાયકલ વિતરણ કરવામાં આવેલ આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ લાલ તેમજ ટ્રસ્ટી નટવરલાલ ઠકકર, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોતમભાઈ કકનાણી, શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ખાખરીયા, વિધાર્થીનીઓના વાલીગણ, વર્ગશિક્ષક, આચાર્ય, શિક્ષણ સમિતિના કર્મચારીઓ સવિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પ્રસંગને અનુરૂપ પ્રાસંગીક વકતવ્ય આપેલ. અશોકભાઈ લાલે સાયકલ સ્વીકારતાં વિધાર્થીનીઓને ભવિષ્યની શુભકામના તેમજ ભવિષ્યમાં જે પાંચ દિકરીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે જે કાંઈ ખર્ચ થાય તે ટ્રસ્ટ દ્વારા નિભાવવામાં આવશે. ઉપસ્થિત સર્વેએ અશોકભાઈ લાલને જન્મદિનની શુભેચ્છા આપતાં શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલે તુલસી કુંડ અર્પણ કરેલ અને ધાર્મિક શાસ્ત્રોકત અને વૈજ્ઞાનિક અન્વયે તુલસીજીનું શું મહત્વ છે તે સાથે સૌ ઉપસ્થિત મહેમાનોએ શુભેચ્છા પાઠવેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામને અલ્પાહાર કરાવવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ રાજ્જ્ગુરૂ દ્વારા કરવામાં આવેલ હતું.

## જામનગરમાં ભુજીયા કોઠાથી ખંભાળિયા નાકા સુધીનો માર્ગ ત્રણ દિવસ બંધ

જામનગર : જામનગરમાં તળાવની પાળે ભુજીયા કોઠાથી ખંભાળિયા નાકા સુધીનો માર્ગ આજ તારીખ ૬ થી ત્રણ દિવસ સુધી વાહન વ્યવહાર માટે બંધ રાખવા માટેનું મહાનગર પાલિકાના કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ માટે વૈકલ્પ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદીએ જાહેર નોટીસથી જાણ કરી છે કે, ભુજીયા કોઠા પાસેથી ખંભાળીયા ગેઈટ તરફ જતા રસ્તા પાસે ક્રેઈનનું ઈરેકશન કરી તેને ભુજીયા કોઠા પાસેથી રીમુવ કરવાની હોય, આ રસ્તો સલામતીના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી ભુજીયા કોઠા ક્રેઈન રીમુવિંગની કામગીરી કરવા અર્થે તા. ૬/૧ થી ૮/૧ સુધીના સમયગાળા દરમ્યાન તમામ વાહન વ્યવહાર બંધ રાખવામાં આવેશે. જેનો અમલ કરવા આ હુકમ કરવામાં આવ્યો છે. જે કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તેની સામે ધ બી.પી.એમ.સી. એક્ટની કલમ અનુસાર દંડની કાર્યવાહી કરવામાં આવશે.

તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ભુજીયા કોઠા પાસેથી ખંભાળીયા ગેઈટ તરફ જતા રસ્તા પરથી સદરહુ તમામ વાહન વ્યવહાર બંધ રહેશે, જેની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા રણમલ તળાવ ગેઈટ નં - ૯ મેઈન રોડ થી ન્યુ સ્કુલ મેઈન રોડનો ઉપયોગ કરી શકાશે. તદ ઉપરાંત આ રોડ ની આજુબાજુના દિગ્વિજય પ્લોટ શેરી નં. ૧ થી ૧૦ ના આંતરિક રસ્તાઓનો પણ વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરી શકાશે. તેમ મ્યુનિસિપલ કમિશનરની યાદીમાં જણાવાયું છે.

# જામનગર આઈ.ટી.આઈ. ખાતે આવતીકાલે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન

જામનગર : જામનગર જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારીની ઉત્તમ તકો મળી રહે તેવા ઉમદા હેતુથી જિલ્લા રોજગાર કચેરી જામનગર તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા -જામનગર દ્વારા સંયુક્તપણે આગામી તા. ૦૭/૦૧/૨૦૨૬ ના રોજ એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં જામનગર જિલ્લાના ખાનગી ક્ષેત્રના નામાંકિત અને પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. રોજગારવાંચ્છુ ઉમેદવારોની લાયકાત મુજબ વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ દ્વારા સ્થળ પર જ પ્રાથમિક ઇન્ટરવ્યુ લઈ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. જે યુવાનો એપ્રેન્ટીસશીપ હેઠળ તાલીમ મેળવીને પોતાની કારકિર્દી બનાવવા માંગતા હોય તેમના માટે આ એક અમૂલ્ય તક છે.

ભરતીમેળામાં સામેલ થવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ પોતાના અધ્યતન બાયો-ડેટા, તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલ, અનુભવના પ્રમાણપત્રો તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સવારે ૧૦:૦૦ કલાકે, સેમિનાર હોલ, ચોથો માળ, આઈ.ટી.આઈ. કેમ્પસ, જામનગર ખાતે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. તેમજ વધુમાં વધુ યુવાનોને આ તકનો લાભ લેવા આચાર્ય આઈ.ટી.આઈ. જામનગર તથા જિલ્લા રોજગાર અધિકારી જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઔદ્યોગીક પ્રદર્શન 2026
JAMNAGAR
Jointly Organize by: GIDC PLOT & SHED HOLDERS ASSOCIATION (DARED)
Supporting by :
Co. Organize by: SUNLINE INFOTECH EVENT INDIA
બ્રાસ પાર્ટસ મેન્યુફેકચરીંગ, મશીનરી અને મશીન ટુલ્સ ઈન્ડસ્ટ્રીયલ એકઝીબીશન
6th EDITION
JAMNAGAR TECH-FEST
CREATING GLOBAL OPPORTUNITIES
7 8 9 10 JANUARY, 2026
સ્થળ : દરેડ બાયપાસ પાસે, ફેસ ૩ ની સામે, જી.આઈ.ડી.સી. દરેડ, જામનગર.
More details : 80007 30663
Email : info.gidcdared@gmail.com
QR Code Scan
www.jamnagarexpo.com

# હરીપર ગામે નવનિર્મિત ગોરડીયા હનુમાનજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન


તસવીર : સંજય ડાંગર

ધ્રોલ : ધ્રોલ તાલુકાના હરીપર ગામના પાદરે આવેલું અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું જીવંત કેન્દ્ર એવા શ્રી ગોરડીયા હનુમાનજી મંદિર ખાતે ઈતિહાસનું એક નવું સુવર્ણ પૃષ્ઠ લખાયું છે. અંદાજે ૧.૫૦ કરોડના માતબર ખર્ચે તૈયાર થયેલા ભવ્ય અને કલાત્મક નૂતન મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે યોજાયેલા ત્રિ-દિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, શિખર પૂજન અને સહ મહારૂદ્ર યજ્ઞનું અત્યંત ભક્તિસભર વાતાવરણમાં નિર્વિઘ્ન સમાપન થયું છે. સંવત ૨૦૮૨ના પોષ સુદ-૧૩ થી ૧૫ દરમિયાન યોજાયેલા આ મહોત્સવમાં ધ્રોલ, મોરબી, જામનગર અને રાજકોટ સહિત વિવિધ જિલ્લાઓમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે હરીપર ગામ જાણે ભક્તિના સાગરમાં હિલોળે ચડ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મહોત્સવના ત્રણેય દિવસ દરમિયાન શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

ગગનચુંબી મંદિરના શિખર પર જ્યારે ધ્વજારોહણ કરવામાં આવ્યું ત્યારે આખું પરિસર 'જય હનુમાન' અને 'સીતારામ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન સહ મહારૂદ્ર યજ્ઞમાં વિદ્વાન ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપવામાં આવી હતી, જેનાથી હરીપરનું વાતાવરણ પવિત્ર બન્યું હતું. આ ભવ્ય પ્રસંગે જામનગરના સાંસદ પૂનમબેન માડમ, ઉદ્યોગપતિઓ સહિત સમાજના ભામાશાઓએ ગોરડીયા હનુમાન દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્ય દાતા દિનેશભાઈ દ્વારા શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક કાર્યમાં મુખ્ય દાતા તરીકે મોરબીના રામગઢ ગામના વતની અને હાલ અંકલેશ્વર સ્થિત ઉદ્યોગપતિ જગદીશભાઈ ગોવિંદભાઈ કાસુન્દ્રા તથા દિનેશભાઈ ગોવિંદભાઈ કાસુન્દ્રાએ સેવા આપી છે. આ ઉપરાંત ધ્રોલ અને વિદેશ સ્થિત અનેક દાતાઓએ આર્થિક યોગદાન આપ્યું હતું. મહોત્સવ દરમિયાન વ્યવસ્થા અને શિસ્ત અદભૂત જોવા મળી હતી. હરીપર, વાગુદળ અને ખારવા ગામના સેવકોએ ખડેપગે રહીને સેવા આપી હતી અને વિશાળ રસોડેથી ૩૦ હજારથી વધુ લોકોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

હરધ્રોલ માજી સૈનિક સંગઠન અને મંદિર સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૫૦૭ બોટલ રક્ત એકત્રિત કરી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ટીમ બે દિવસ ખડે પગે સેવા આપી હતી. મંદિરના પૂજારી ઈશ્વરલાલ વિઠ્ઠલદાસ અગ્રાવત તથા આશુતોષભાઈ ઠાકર, મહેશભાઈ સોરઠીયા, રામસિંહ જાડેજા, હરગોવિંદભાઈ આડેસરા અને અરવિંદભાઈ હિંસુ સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી આ ઉત્સવને સફળ બનાવ્યો હતો.

## જામનગર મહાનગરપાલિકા
### સામાન્ય વહીવટ વિભાગ

**જામનગર મહાનગરપાલિકા ખાતેના અર્બન હેલ્થ પ્રોજેકટ માટેની U.C.H.C. ની જગ્યાઓ ભરવા અંગેની જાહેરાત**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી શહેરી આરોગ્ય સેવાઓનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે જામનગર મહાનગરપાલિકાના ફાળે આવેલ U.C.H.C. (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) માટે ૧૦૦% ગ્રાંટ આધારીત જગ્યાઓ મંજુર કરેલ છે.

જામનગર મહાનગરપાલિકા U.C.H.C. (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર) ખાતે મંજુર થયેલ જગ્યાઓ ભરવા માટે વેબસાઇટ https://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી લાયકત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી બાબતેની સંપૂર્ણ માહિતી જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ www.mcjamnagar.com ઉપર પણ ઉપલબ્ધ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૮-૦૧-૨૦૨૬ (૧૨:૦૦ કલાક) થી તા. ૨૩-૦૧-૨૦૨૬ (૨૩:૫૯ કલાક) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | U.C.H.C. જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૦૩/૨૦૨૫-૨૬ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૦૨ |
| ૦૨ | ૦૪/૨૦૨૫-૨૬ | પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૦૨ |
| | | કુલ | ૦૪ |

તારીખ : ૨૪/૧૨/૨૦૨૫
સ્થળ : જામનગર ૧૯૫

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

### લોહાણા મહાજનના નેજા હેઠળ કાર્યક્રમનું આયોજન

# જામનગરના આંગણે લોહાણા સમાજની આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળાની પૂર્વ તૈયારીરુપે બિઝનેસ મીટ સંપન્ન





જામનગર : ઉદ્યોગકારો સાથે સ્ટાર્ટઅપ માટે યુવાઓને વૈશ્વિક સ્તરે તક મળે તે માટે જામનગરના આંગણે લોહાણા મહાપરિષદના નેજા લોહાણા મહાપરિષદના નેજા હેઠળ જામનગર સહિત પ્રદેશ અને દેશના વ્યાપારીઓ - ઉધોગકારો અને નાના લઘુ હેઠળ જામનગર લોહાણા મહાજનના ઉપક્રમે '' લોહાણા સ્ટાર્ટઅપ અને એમ.એસ.એમ.ઈ.મીટ " નું આયોજન શહેરની લોહાણા મહાજનવાડી ખાતે કરવામાં આવ્યું હતું.

લોહાણા સમાજના ઉત્કર્ષ સાથે શિક્ષણ, રોજગાર અને યુવા ઉદ્યયોગકારોને વિશાળ તકો માટે પ્રેરીત કરીને તેમને વૈશ્વિક કક્ષાએ સમાજના ઉદ્યોગકારો, વેપારીઓ સાથે જોડવાના પ્રયાસરૂપે '' લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ મીટ (એલઆઈબીએફ) ના નેજા હેઠળ વર્ષ ૨૦૨૩ થી પ્રતિ વર્ષ કાર્યક્રમનું આયોજન દેશ-વિદેશમાં કરવામાં આવી રહયું છે. જેના ભાગરૂપે જામનગરના યુવા સાહસીકોને ઉદ્યોગકારો-વેપારીઓને વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન માટે જામનગરમાં જાયેલી "લોહાણા સ્ટાર્ટઅપ અને એમ.એસ.એમ.ઈ.મીટ 'માં વકતવ્ય આપતાં લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ કહયું હતું કે, લોહાણા મહાપરિષદના નેજા હેઠળ એલ.આઈ.બી.એફ.દ્વારા વર્ષ ૨૦૨૩માં પ્રથમ વ્યાપાર મેળો રાફિકામાં યોજાયો હતો. ત્યારથી પ્રતિવર્ષ આ પ્રકારના આયોજન અનુક્રમે ગાંધીનગર અને દુબઈ ખાતે કરવામાં આવ્યા હવે વર્ષ ૨૦૨૬ માં તા.૩૦-૩૧ જાન્યુઆરી અને તા.૧ ફેબ્રુઆરીના દિવસોમાં મુંબઈ ખાતે એલ.આઈ.બી.એફ. એક્સ્પો-૨૦૨૬નું આ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૯૦ ટકા જેટલા સ્ટોલ બુક થઈ ગયા છે.

આપણા (લોહાણા સમાજના લોહીમાં વેપાર છે, હવે આધુનીક યુગમાં નવીનીકરણ સાથે આપણાં સમાજના ઉદ્યોગકારો - વેપારીઓ-યુવા સાહસીકો અને સી.એ.જેવા પ્રોફેનલો જોડાઈ શકે અને તેઓને નવી દીશા સાથે વિશાળ પ્લેટફોર્મ મળી રહે તેવા ઉદેશ સાથે યોજાતા આ વ્યાપાર મેળામાં વધુમાં વધુ લોકો જોડાઈને વૈશ્વિક કક્ષાના મંચનો લાભ મેળવે તે માટે આ પ્રકારની મીટ સ્થાનિક કક્ષાએ આયોજીત કરવામાં આવી રહી છે.

લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ જીતુભાઈ ઠક્કર (નાસીક)એ લોહાણા મહાપરિષદની કાર્યપધ્ધતી અને પોતાના અનુભવો યાદ કરતાં કહયું થયું હતું કે, આપણા સમાજના વૈષ્વિક મંચ એલ.આઈ.બી.એફના વર્ષ ૨૦૨૬ના મુંબઈમાં આયોજીત ત્રિદિવસીય કાર્યક્રર પાર્યક્રમમાં અહિં ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો નો જોડાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.જામનગરના આ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી નિતીનભાઈ રાયચુરા (રાજકોટ) જીતુભાઈ ઠક્કર (નાસીક), જામનગર લોહાણા સમાજના અગ્રણી ઉધોગપતિ અશોકભાઈ લાલ, અમદાવાદથી ભરતભાઈ ઠક્કર તેમજ 'શ્યામભાઈ રાયચુરા, ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના મંત્રી રમેશભાઈ દતાણી, જામનગર લોહાણા મહાજનના મનોજભાઈ પ્રમુખ ભરતભાઈ મોદી (સાબુવાળા), ઉપપ્રમુખ ચેતનભાઈ માધવાણી, મંત્રી રાજુભાઈ કોટેચા, ખજાનચી મનોજ અમલાણી, સહખજાનચી રાજુભાઈ મારફતીયા, ઓડીટર નિલેશભાઈ ઠકરાર, સંગઠન મંત્રી અતુલભાઈ પોપટ, સમસ્ત હાલાર લોહાણા સમાજા રાજના ઉપપ્રમુખ ભરતભાઈ મોદી (ભાટીયાવાળા), પ્રચાર-પ્રસાર મંત્રી પાર્થભાઈ સુખપરીયા, સૌરાષ્ટ્ર ઝોનના મંત્રી નિલેશભાઈ કાનાણી સહિત સમાજના આગેવાનો-વેપારીઓ, ઉદ્યયોગકારો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# ઓખા મરીન કમાન્ડો દ્વારા બેટ દ્વારકા ટાપુ પર સઘન કોસ્ટલ પેટ્રોલીંગ

દ્વારકા : રાજયના દરિયાકાંઠાની સુરક્ષાને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવાના ભાગરૂપે ગઈકાલ તા. ૨-૧-૨૦૨૬ ના રોજ ઓખા મરીન સેકટરના તમામ મરીન કમાન્ડો દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ.

પેટ્રોલીંગ દરમ્યાન બેટ દ્વારકા અને આસપાસના સંવેદનશીલ કોસ્ટલ વિસ્તારોમાં મરીન કમાન્ડોઝની અલગ અલગ ટીમો બનાવી ફુટ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ. આ ઓપરેશન દરમ્યાન દરિયાકાંઠાના તમામ લેન્ડીંગ અને ફીશીંગ પોઈન્ટ્સ પર બાજ નજર રાખી ઝીણવટભર્યુ ચેકીંગ કરવામાં આવેલ તેમજ શંકાસ્પદ ઈસમો, વાહનો અને બોટોનું સઘન ચેકીંગ કરી પુછપરછ કરવામાં આવેલ. આ સાથે અનિચ્છનિય પ્રવૃત્તિ અટકાવવાના ભાગરૂપે ટાપુ પર આવેલ નિર્જન અને અવાવરૂ જગ્યાઓનું પણ નિરીક્ષણ કરવામાં આવેલ. આ ઓપરેશનનો હેતુ


તસવીર : બુધાભા ભાટી

દરિયાઈ માર્ગે થતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવાનો અને સ્થાનીય દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ બનાવવાનો હતો.

### મહેશ્વરી મેઘવાર સમૂહ લગ્નોત્સવમાં ૨૭ નવદંપતિઓ લગ્ન ગ્રંથીથી જોડાશે

જામનગર : જામનગરના મહેશ્વરી મેઘવાર સમૂહ લગ્ન સમિતિ દ્વારા સમાજના ૨૩ મા સમૂહ લગ્નોત્સવનું આયોજન તા. ૧૪-૧-૨૦૨૬ ના ઓશવાળ સેન્ટર, જામનગરમાં કરવામાં આવ્યું છે. જેમાં ૨૭ નવદંપતીઓ પ્રભૂતામાં પગલાં પાડશે આ સમૂહલગ્ન અન્વયે તા. ૪-૧-૨૦૨૬ ના સવારે ૧૦ વાગ્યે સાત રસ્તા પાસે ડો. આંબેડકર ભવનમાં મિટિંગ રાખવામાં આવી છે, જેમાં તમામ જ્ઞાતિજનો, દાતાઓ, ધર્મગુરુઓ, મહારાજશ્રીઓને હાજર રહેવા જણાવાયું છે. આ સમૂહલગ્ન અંગેની વિશેષ વિગત તથા માહિતી માટે સુરેશભાઈ કે. માતંગ (મો. ૯૮૨૫૨ ૬૫૯૫૮), જયંત વારસાખિયા (એડવોકેટ-નોટરી) મો. ૯૯૦૯૮ ૩૩૬૬૬, તથા રાજેશભાઈ બી. જાદવ (મો. ૯૮૨૫૫ ૫૫૩૯૬) તથા વશરામભાઈ પી.પિંગળસુર (મો. ૯૫૧૨૩ ૪૮૪૪૪) નો સંપર્ક કરવો. જયંત વારસાખિયા (એડવોકેટ-નોટરી) તથા દીપુભાઈ પારિયા (માજી કોર્પોરેટર) એ જણાવ્યું છે.

# જામનગરમાં વાહનચાલકો ઈ-ચલણના મેમાનો દંડ હવે યુપીઆઈથી પેમેન્ટ કરી શકશે

જામનગર : ગાંધીનગર સ્થિત સ્ટેટ ટ્રાફિક બ્રાંચ દ્વારા રાજયભરમાં કોઈપણ વાહનચાલકને ટ્રાફિકના નિયમોના ભંગ બદલ મળતા ઈ-ચલણના દંડની રકમ ભરપાઈ કરી આપવા માટે નવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.હવે ઓન લાઈન પેમેન્ટ પણ કરી શકાશે.

જામનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત વન નેશન વન ચલણ (ઓએનઓસી) પ્રોજેક્ટ હેઠળ ટ્રાફિક નિયમનો ભંગ કરતા વાહનચાલકોને ઈસ્યુ કરવામાં આવે છે. તે ઈ-ચલણ ભરવા માટે જે તે વાહનચાલકો દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરે રૂબરૂ આવવું પડે છે અથવા તેઓ ઈ-ચલણ પરિવહનની વેબસાઈટમાં જઈને ઓન લાઈન પેમેન્ટ કરી રહ્યા છે. ઈ-ચલણ ભરવાની થોડી જટિલ એવી આ પ્રક્રિયામાંથી સરળતા આપવા માટે ગાંધીનગરની સ્ટેટ ટ્રાફિક બ્રાંચ દ્વારા ગૂગલ પે- ફોન-પે, ભીમ જેવી યુપીઆઈ એપ સાથે સંકલન કરવામાં આવ્યું છે. તેના માધ્યમથી ઈ-ચલણ મેળવનાર વાહનચાલક તે ચલણ ઈસ્યુ થયાના ૯૦ દિવસમાં યુપીઆઈના માધ્યમથી દંડ ભરપાઈ કરી શકશે.

તે માટે જે તે યુપીઆઈના સર્ચબારમાં ગુજરાત ઈ-ચલણ અથવા સ્ટેટ ટ્રાફિક બ્રાંચ સર્ચ કર્યા પછી વાહન નંબર દાખલ કરવાના રહેશે અને તેની સાથે જ પેન્ડીંગ ચલણની વિગતો દેખાશે તેને સીલેક્ટ કરીને પીન નાખ્યા પછી ઈ-ચલણ ભરાઈ જશે.

# હાલારના સાગર કિનારા વિસ્તારમાં આજથી બે દિવસ સુરક્ષા કવચનો પ્રારંભ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર ગુજરાત રાજયના સાગર કિનારાઓ ઉપર દેશ વિરોધી તેમજ આતંકી પ્રવૃત્તિઓને રોકવા માટે તેમજ ગુજરાતની તમામ અલગ અલગ સૂરક્ષા એજન્સીઓને સતર્કતા ચકાસવાના ભાગરૂપે રાજય સરકાર દ્વારા બે દિવસ માટેની સાગર સુરક્ષા અંગેની કવાયત શરૂ કરવામાં આવી છે. જેનો હાલારના જામનગર અને દેવભૂમિ દ્વારકા બંને જિલ્લામાં પણ આજથી પ્રારંભ થયો છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની એસ ઓ જી શાખા, મરીન પોલીસ સ્ટેશનની ટીમ, કોસ્ટકાર્ડ સહિતની અન્ય તમામ સુરક્ષા એજન્સીઓ દ્વારા હાલારના તમામ સાગર કિનારાઓ વિસ્તારમાં આજથી બે દિવસ માટેની કવાયત શરૂ કરી દઈ સધન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. મરીન કમાન્ડોની ટીમ દ્વારા અને કોસ્ટકાર્ડ દ્વારા દરિયા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરાયું છે, ઉપરાંત અન્ય પોલીસ ટીમ દ્વારા કોસ્ટલ એરિયામાં પણ સધન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં જામનગર શહેર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ અન્ય પોલીસની મોટી ટુકડી પણ જોડાઈ છે, અને પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે.

# જામનગરમાં કોંગ્રેસ પક્ષ તમારે દ્વાર' જન સંપર્ક અભિયાન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : આગામી કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા જામનગર સહિત રાજયભરમાં ગઈકાલથી "કોંગ્રેસ પક્ષ તમારે દ્વાર" નામે એક મુહિમની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત જામનગર શહેરના વોર્ડ નં.૧૫ થી આ મુહિમ શરૂ કરવામાં આવી હતી. જેમાં શહેર પ્રમુખ દિગુભા જાડેજા, વિરોધ પક્ષ ના નેતા ધવલ નંદા સહિત, વિક્રમ માડમ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. કોંગી જનોએ જુદા જુદા વિસ્તારમાં જન સંપર્ક યોજયો હતો.

# જામનગર જિલ્લામાં ચાઈનીઝ દોરા તથા તુક્કલના ઉપયોગ તથા વેચાણ પર પ્રતિબંધ

જામનગર : આગામી તા.૧૪/૧/૨૦૨૬ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. મકરસંક્રાંતિ દરમિયાન જામનગર જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવે છે. પતંગના દોરાઓ સાથે પશુ-પંખીઓ ફસાઈને ઘાયલ થતા હોય છે. તેમજ ઓડિયો મેગ્નેટિક ટેપની મદદથી પાવર લાઈનની નજીક પતંગ ઉડાડતી વખતે જાહેર જનતા સાથે વિદ્યુત અકસ્માત થવાની પણ સંભાવના રહે છે. પતંગ ઉડાડવાના હેતુથી ચાઈનીઝ તુક્કલ/ લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, કાચ કોટેડ દોરી, સિન્થેટિક કોટિંગવાળી દોરી, નાયલોન દોરી વગેરેના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. તા.૨૭-૧-૨૦૨૬ સુધી અમલી જાહેરનામાં મુજબ,

ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાયનીઝ માંઝા, કાચ કોટેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કે ઉપયોગ કરી શકાશે નહીંતેમજ દોરી બનાવવા માટે પ્લાસ્ટીક, સીન્થેટીક કે ટોક્ષીક મટીરીયલનો ઉપયોગ કરી શકાશે નહીં. પતંગ ઉડાડવાની દોરીને લોખંડ પાવડર કે કાચથી કોટીંગ કરી શકાશે નહીં. મેટાલીક દોરાઓ, ઓડિઓ મેગ્નેટિક ટેપ તથા પ્લાસ્ટીક એર બલૂન કે જે વિદ્યુત વાહક છે તનો ઉપયોગ કરી શકાશે નહીં. કોઈ પણ ચીજ-વસ્તુ કે જે પતંગ ઉડાડવા વપરાશમાં આવતી હોય જેનાથી વિદ્યુત અકસ્માત થવાની કે પછી પશુ-પક્ષી અને માનવના જાન-માલને હાની થવાની સંભાવના હોય તેનો ઉપયોગ કરી શકાશે નહીં.

પતંગ ઉડાડવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકોની મદદથી કાચના પાવડરનું કોટીંગ કરેલી ઓછી તીક્ષ્ણ-શક્તિ ધરાવતી કોટનની દોરી જે સંપૂર્ણપણે તૂટી શકે તેમ હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય જેની બનાવટમાં તમામ બાયો-ડિગ્રેડેબલ ઘટકોનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેવી દોરીનો ઉપયોગ કરી શકાશે.

એવી દોરી કે જેના તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થોના ઉપયોગથી બનેલ છે તેનો ઉપયોગ કરી શકાશે. કોટનની દોરી કે જેના કોટીંગ માટે ૧૦% થી વધુ કાચના પાવડરનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરી શકાશે.

ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોય શકે તથા કાચનો પાઉડર જે કોટીંગ પદાર્થનો ૧૦%, હોઇ શકે છે. પરંતુ તે કોટનના માંજાના કૂલ વજનના ૦.૫% થી વધુ ન હોય તેવી કોટનની દોરી વાપરી શકાશે.

આ પ્રતિબંધોનો હેતુ માનવજીવન, પક્ષીઓ અને પ્રાણીઓની સુરક્ષા તથા પર્યાવરણનું રક્ષણ સુનિશ્ચિત કરવાનું છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ (ઈ.ચા.) એસ.એમ. કાથડ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# સૂર્યવંશી એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયુષ્માન કાર્ડ તથા બી.પી.-ડાયાબિટીસનો કેમ્પ યોજાયો

જામનગર : જામનગરના નવાગામ ઘેડ ખાતે સ્થિત સૂર્યવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના સ્થાપક સુભાષભાઈ બચુભાઈ ગુજરાતીના પરમ પૂજ્ય માતૃશ્રી સ્વ. બચુભાઈ રામજીભાઈ ગુજરાતીની શ્રદ્ધાંજલિ નિમિતે એક ભવ્ય ત્રિવેણી સંગમ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવા કેમ્પ તારીખ ૨૦-૧૨-૨૦૨૫ના રોજ જામનગર કોળી સમાજની વાડી, માલાબેન રાઠોડની ઓફિસ, શિવમ એસ્ટેટ, વિનાયક પાર્ક, જામનગર ખાતે યોજાયો હતો. કેમ્પમાં જરૂરિયાતમંદ નાગરિકોને આયુષ્માન કાર્ડ, વય વંદના આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ, આધાર કાર્ડમાં મોબાઈલ નંબર એડ, તેમજ બી.પી. અને ડાયાબિટીસ ચેકઅપ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

કેમ્પનું દીપ પ્રાગટ્ય ગુજરાત રાજયના રાજયકક્ષાના મંત્રી રીવાબા રવિન્દ્રસિંહ જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો, રાજકીય હોદેદારો અને વોર્ડ નં. ૪ના કોર્પોરેટરઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ કેમ્પ તસ્ક્રના ઠ..., પોસ્ટ ઓફિસના સ્ટાફ, તેમજ જામનગર મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રના ડૉ. કિન્જલબેન ઘેડીયાની ટીમના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યમંત્રી રીવાબા જાડેજા, તેમજ કોર્પોરેટર કેશુભાઈ માડમ, પૃથ્વીરાજસિંહ ઝાલા, મહિલા કોર્પોરેટરઓ, શહેર વોર્ડ પ્રમુખ શિલેન્દ્રસિંહ વાઢેર, પૂર્વ પ્રમુખ વિજયસિંહ ગોહિલ, મહામંત્રી શૈલેષભાઈ વાઘેલા, સીનીયર કાર્યકર્તા સામતભાઈ પરમાર, કાન્તીભાઈ બારોટ, પૂર્વ શિક્ષણ સમિતિના સભ્ય નીતિનભાઈ માડમ, આહિર સમાજ અગ્રણી બાબુભાઈ માડમ, રાજપૂત સમાજ અગ્રણી મનદીપસિંહ જાડેજા, મહાવીરસિંહ રાણા, કોળી સમાજના અગ્રણી રાજેશભાઈ રાઠોડ, જયેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કેમ્પમાં સર્વે સમાજના હોદેદારો, રાજકીય પ્રતિનિધિઓ, અધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# જામનગર-ભાવનગર વચ્ચે ઈન્ટર કોર્પોરેશન ટુર્નામેન્ટમાં વિજય પ્રાપ્તિ માટે પૂજનવિધિ

જામનગર : જામનગર મહાનગરપાલિકાની મેયર ઈલેવન ટીમ તેમજ કમિશ્નર ઈલેવન ટીમ ભાવનગર ખાતે ઈન્ટર કોર્પોરેશન ટુનામેન્ટમાં ભાગ લેવા જતા પહેલા ગઈકાલ તા. ૫-૧-૨૦૨૬ ના રોજ ચેરમેનની કચેરીમાં મેયર ઈલેવન તેમજ કમિશ્નર ઈલેવનની બંને ટીમોનો વિજય થાય તે માટે પુજન વિધી રાખવામાં આવી હતી.

આ પુજન વિધીમાં મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે.કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા, શહેર ભાજપ પ્રમુખ બિનાબેન કોઠારી, શાસકપક્ષ નેતા આશીષભાઈ જોષી, દંડક કેતનભાઈ નાખવા, કમિશ્નર ડી.એન.મોદી, ડે.કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશ્નર મુકેશભાઇ વરણવા, સીટી એન્જીનીયર ભાવેશ જાની તેમજ મેયર ઈલેવન ટીમના ખેલાડીઓ અને કમિશ્નર ઈલેવન ટીમના ખેલાડીઓ ઉપરાંત કોર્પોરેટરો ઉપસ્થિત રહયા હતા, અને તેઓ દ્વારા પુજન વિધી કરવામાં આવી હતી.


તસવીરઃ સુનિલ ચુડાસમા

## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી સ્વ. નટવરલાલ ગોકલદાસ બારાઈના પત્નિ હંસાબેન (ઉ.વ.૭૦) તે સ્વ. રાજેશભાઈ, શૈલેષભાઈના માતા તથા મીત રાજથેશભાઈ બારાઈના દાદી તથા અશ્વિનભાઈના ભાભીનું તા. ૫ને સોમવારે અવસાન થયું છે. સદગતનું બેસણુ તા. ૭ને બુધવારના રોજ સાંજે ૪ થી ૪:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળે, જામનગર ખાતે રાખેલ છે.

# ધ્રોલ નજીક ટ્રકની અડફેટે ઈકો પલટી જતા યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત


તસવીર: સુનિલ ચુડાસમા


મૃતકનો ફાઈલ ફોટો

ધ્રોલ : ધ્રોલ નજીક આજ સવારે એક ઈકો કાર લઈને ધ્રોલ તરફ આવી રહેલા યુવાનને અજાણ્યા ટ્રકના ચાલકે જોરદાર અડફેટે લેતા ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા બકાભાઈ પુનાભાઈ ટોયટા (૩૦) નામના યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બકાભાઈ પોતાની ઈકો કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા ટ્રકે કારને ટક્કર મારી હતી, જેના કારણે કાર માર્ગ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત થતાની સાથે જ આસપાસના લોકો તાત્કાલિક બચાવવા માટે દોડી આવ્યા હતા અને યુવાનને પરંતુ ગંભીર ઈજાઓ હોવાને કારણે તેમણે સ્થળ પર જ દમ તોડ્યો હતો.

આ દુર્ઘટનાની જાણ થતાં જ મૃતદેહને પીએમ અર્થે ધ્રોલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં માલધારી તેમજ ભરવાડ સમાજના આગેવાનો, સગા-સંબંધીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ટ્રક ચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હોવાની માહિતી મળી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસે હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ દ્વારા ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# જામનગરમાં સોલાર લગાવવા બે લાખ મેળવ્યા બાદ યુવાન સાથે ૨.૧૮ લાખની છેતરપીંડી

## ખોટા પ્રલોભનો આપનાર બે શખ્સો સામે અંતે પોલીસમાં રાવ

જામનગર : જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા એક રીક્ષા ચાલકને પોતાના ઘેર સોલાર પેનલ લગાવવાના મામલે ધોખો થયો છે. એક ખાનગી પેઢીના સંચાલક અને તેના કર્મચારીએ સોલાર પેનલ ફીટ કરાવવા માટે ૨,૧૮,૦૦૦ ની રકમ મેળવી લીધા બાદ લાંબા સમયથી સોલાર પેનલ ફીટ નહીં કરી, છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઇ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા અમિતભાઈ ગોગનભાઈ ચુડાસમા નામના ૩૨ વર્ષના રાવળદેવ યુવાને સોલાર પેનલ ફીટ કરવાના મામલે પોતાની સાથે છેતરપિંડી કરવા અંગે જામનગરની ઈન્ટીફાઇ સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેક્ટરા તેમજ તેના કર્મચારી રાહુલભાઈએ પોતાની પાસેથી રૂપિયા ૨,૧૮,૦૦૦ ની રોકડ રકમ મેળવી લીધા બાદ સોલાર પેનલ લાંબા સમય સુધી ફીટ કરી નહીં આપી, તેમજ નાણા પરત નહીં કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

ફરિયાદીને સોશિયલ મીડિયાના માધ્યમથી આરોપીનો સંપર્ક થયો હતો, જેના આધારે પોતાના ઘરમા સોલાર પેનલ લગાવવા માટે વાતચીત થયા પછી ખાનગી પેઢીના કર્મચારી રાહુલભાઈ તેના ઘેર આવીને રકમ લઈ ગયા હતા અને સોલાર પેનલ ફીટ થઈ જશે, તેવો ભરોસો આપ્યો હતો. ત્યારબાદ પણ લાંબો સમય વીતી જવા છતાં સોલાર પેનલ ફીટ કરી ન હતી.

તેમજ જ્યાં સુધી પોતાના ઘેર સોલાર લગાવશે નહીં, ત્યાં સુધી તેના ઘરનું લાઈટ બિલ ખાનગી પેઢી ભોગવશે તેવું પ્રલોભન આપ્યું હતું. પરંતુ તે રકમ અથવા તો સોલાર પેનલ ફીટ કરી ન હતી, અને પહેલાની મૂળ રકમ પણ પરત નહી કરતાં આખરે પોતાની સાથે છેતરપીડી થઈ હોવાનું પોલીસ સમક્ષ જાહેર કર્યું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# સલાયામાં ચાઈનીઝ દોરો ગળાના ભાગે આવી જતા બાળકને ગંભીર ઈજા



સલાયા : સલાયામાં ગઈકાલે એક બાળક ઘર નજીક રસ્તામા રમી રહ્યો હોય આ વેળાએ તેને ગળાના ભાગે ચાઈનીઝ દોરાથી ગંભીર ઈજા પહોંચતા સારવારમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યારે સંભવત આ સપ્તાહમા બીજી ઘટના હોઈ તંત્રએ કડક હાથે કામગીરી કરવા બુદ્ધિજીવીઓની લાગણી અને માંગણી છે.

પ્રાપ્ત વિગત અનુસાર સલાયામાં એક માસુમ બાળક રસ્તામાં રમતો હોય ત્યારે પતંગનો ચાઈનીઝ દોરો તેના ગળાના ભાગે આવી જતા લોહી નીકળતા તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. નોંધનીય છે કે, ઉતરાયણને હજુ વાર છે અને ચાઈનીઝ દોરાના વેચાણ પણ પ્રતિબંધ હોય તેમજ કાનૂની કાર્યવાહીનો નિર્દેશ હોવા છતાં કેટલીય જગ્યાએ બેધડક ચાઈનીઝ દોરાનું વેચાણ થઈ રહ્યું છે ત્યારે વધુ કડક હાથે આ બાબતે પગલા લેવા લોકોની માંગણી છે.

અન્યથા કોઈ જાનહાનિ થવાની પણ શક્યતાઓ રહે તે પહેલા ચાઈનીઝ દોરાનું વેચાણ કરતા વિક્રેતાઓ ઉપર લગામ રાખવી જરૂરી છે.

# ધ્રોલ તાલુકામાં ટેકાના ભાવે ૧૨.૩૨૯ ખેડૂતો પાસેથી ૨૧૩ કરોડની મગફળીની રેકોર્ડબ્રેક ખરીદી


તસવીર: સંજય ડાંગર

ધ્રોલ: રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદીની પ્રક્રિયામાં ધ્રોલ તાલુકાએ એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ધ્રોલ તાલુકાના લતીપુર સ્થિત 'શ્રી જય સરદાર ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી' દ્વારા સિદ્ધિવિનાયક સેન્ટર ખાતે તાલુકાના તમામ નોંધાયેલા ૧૨,૩૨૯ ખેડૂતોની મગફળીની ખરીદી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ ખેડૂતો પાસેથી અંદાજે ૨૧૩ કરોડ રૂપિયાની મગફળીની ખરીદી કરવામાં આવી છે.

જય સરદાર ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી, લતીપુરના પ્રમુખ રસિકભાઈ ભંડેરીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ધ્રોલ તાલુકામાંથી સિદ્ધિવિનાયક સેન્ટર ખાતે નોંધાયેલા તમામ ખેડૂતોની મગફળીની ખરીદી પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ખરીદી પેટે ખેડૂતોને તેમની ઉપજનું પેમેન્ટ પણ સરકાર દ્વારા સમયસર સીધું ખાતામાં જમા કરી દેવામાં આવે છે. ખરીદ સેન્ટર પર ખેડૂતોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે સંસ્થાના વહીવટી સ્ટાફ દ્વારા પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું હતું, જેને પરિણામે ખેડૂતોમાં ભારે હર્ષોઉલ્લાસની લાગણી પ્રવર્તી રહી છે.

# જામનગર નજીક નાઘેડી પાસે કાર અને એક્ટિવા સ્કૂટરના અકસ્માતમાં બુઝુર્ગનું મૃત્યુ

જામનગર : જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં અકસ્માતની પરંપરા અવિરત ચાલુ રહી છે, અને વધુ એક માનવ જિંદગીનો ભોગ લેવાયો છે. નાઘેડી ગામના પાટીયા પાસે પુરઝડપે આવી રહેલી કારના ચાલકે એકટીવા સ્કૂટરને હડફેટમાં લઈ લેતાં સ્કૂટર ચાલકનું કરુણ મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા સુરેશભાઇ મગનલાલ સોમૈયા (૬૫) ગઈકાલે પોતાનું જી.જે. -૧૦ ડી.જી. ૦૭૭૧ નંબરનું એકટીવા સ્કૂટર લઈને નાઘેડી ગામ ગ્રીન પાઈન વિલામાં પોતાના ઘેર જતા હોય તે દરમ્યાન નાઘેડી પાટીયા પાસે પહોંચતા જી.જે. ૧૦ ડી.એ. ૬૯૬૨ નંબરની કાર ના ચાલકે પોતાની કાર પુર ઝડપે બે ફિકરાઈથી અને ગફલતભરી રીતે તેમજ માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી એકટીવા ને હડફેટે લઈ પછાડી દેતાં સુરેશભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હોવાથી સારવારમાં લાવતા ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકની પુત્રી દિશાબેન સુરેશભાઈ સોમૈયાએ કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટના સ્થળે અને જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને આ અકસ્માતના બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ભોજનાલાયના સંચાલક યુવાને કર્યો આપઘાત

## ઉછીના આપેલા પૈસા પરત નહી મળતાં આત્મહત્યા કર્યાનું અનુમાન : કથિત પોલીસ કર્મચારીના ત્રાસનો પણ આક્ષેપ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં હવાઈ ચોક વિસ્તારમાં રહેતા અને ભોજનાલયના વ્યવસાય સાથે સંકળાયેલા મયુર હરીશભાઈ ગણાત્રા નામના ૪૨ વર્ષના વેપારી યુવકે ગઈકાલે પોતાના ઘેર ઝેરી દવા પી લીધી હતી. જેથી કે તેને જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં, અને ત્યાં તેને બે વખત ઊલટી થઈ ગઈ હતી. ત્યારબાદ પરત ઘેર લઈ જવાયા હતા.

પરંતુ ગઈકાલે મોડી સાંજે તેના ઘરમાં લોહીની ઉલટી થઈ જતાં બેશુદ્ધ અવસ્થામાં જોવા મળ્યા હતાં, અને ફરીથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તેનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કરાયું હતું.

મૃતક વેપારી યુવાને પોતે બીજાને આપેલા ઉછીના પૈસા પરત મળ્યા ન હોવાના કારણે આ પગલું ભરી લીધાનુ અનુમાન કરાયું છે. ઉપરાંત તેમાં એક પોલીસ કર્મચારીની પણ ભૂમિકા હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે. જોકે સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતકના ખિસ્સામાંથી એક ડાયરી મળી આવી છે. જેમાં કેટલાક નામના વ્યક્તિઓને ઉલ્લેખ કરીને પૈસાની આવક જાવકના હિસાબો પણ લખેલા છે. જે ડાયરી પોલીસ દ્વારા કબજે કરી લઈ સમગ્ર મામલામાં વધુ તપાસ ચલાવાઈ રહી છે.

# કાલાવડમાં કપાયેલ પતંગ લેવા ગયેલ કિશોરને વિજ આંચકો ભરખી ગયો

## પરિવારમાં માતમ છવાઈ ગયો: પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડમાં ગઈકાલે રવિવારે એક કિશોરને કપાયેલી પતંગ લૂંટવા જતાં અકસ્માતે તેનો હાથ વીજ થાંભલામાં અડી જતાં તેને જોરદાર વિજ કરન્ટ લાગ્યો હતો, અને સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં તેનું મૃત્યુ નિપજ્યું છે, જેથી પરિવારમાં માતમ છવાયો છે.

આ બનાવ ની વિગત એવી છે કે કાલાવડ ટાઉનમાં કુંભનાથપરામાં રહેતો નફીશ અહેમદ ઇંદ્રીશભાઈ સોલંકી નામનો ૧૭ વર્ષનો કિશોર રવિવારે સાંજે ગામમાં આવેલી નદી પાસે પતંગ ઉડાવી રહ્યો હતો, જે દરમિયાન એક કપાયેલી પતંગ ત્યાં આવતાં પોતે પતંગ લૂંટવા માટે દોટ મૂકી હતી. જે દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં આવેલા વીજ થાંભલાને અડી જતાં તેને જોરદાર કરંટ લાગ્યો હતો.

જેથી તેને સૌ પ્રથમ સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત બગડતાં વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબી સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે કિશોરને મૃત જાહેર કર્યો હતો. જેથી મૃતકના પરિવારમાં માતમ છવાયો છે.

મળતી માહિતી મુજબ, નફીશ બે ભાઈ એક બહેનના પરિવારમાં વચેટ હતો. તેના પિતા મજુરીકામ કરે છે. કિશોર પણ પિતા સાથે કામે જઈ પરિવારમાં આર્થિક રીતે મદદ કરતો હતો.

# શિવરાજપુર બીચ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની રવિવારે કરશે ઊજવણી



દ્વારકા : વિશ્વકક્ષાએ ભારતના પશ્ચિમ ક્ષેત્રના અનોખી ઓળખ પ્રાપ્ત શિવરાજપુર બ્લ્યુ ફ્લેગ બીચ ખાતે આગામી તા.૧૧-૦૧-૨૦૨૬ ને રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરાયેલ હોય રમણીય બીચ પરના આકાશમાં રંગબેરંગી પતંગો સાથે થનાર ઊજવણીમાં સંસ્કૃતિ અને પર્યટનનો સંગમ જોવા મળશે. રાજ્ય પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુકત આયોજન રૂપે આગામી રવિવારે સવારે ૧૦ કલાકથી શરૂ થનાર પતંગ મહોત્સવમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પતંગબાજો દ્વારા વિવિધ આકાર, રંગ અને કલાત્મક ડીઝાઈન ધરાવતા પતંગો ચગાવવામાં આવશે જે દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

પતંગ પ્રદર્શન ઉપરાંત વિવિધ આકારના વિશાળ પતંગોની પ્રદર્શની, લોક સાંસ્કૃતિક કાર્યક્રમો અને પર્યટનને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ પણ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર રહેશે. આ મહોત્સવમાં સહભાગી થવા સ્થાનીય નાગરીકો, પ્રવાસીઓ, પતંગપ્રેમીઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આમંત્રણ પાઠવાયું છે. શિવરાજપુર બીચ ખાતે યોજાનાર મહોત્સવ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે યાદગાર અનુભૂતિ સાબિત થશે.



# જામનગરમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલ બે શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલો એક બાઈક ચાલક ઝડપાયો છે, જ્યારે એક શખ્સની સુપર માર્કેટ પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે પોલીસે અટકાયત કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં વાણંદ શેરીમાં રહેતો હિતેશ દોલતભાઈ મારુ નામનો વાણંદ શખ્સ પોતાના બાઈકમાં ઈંગ્લિશ દારૂ સાથે પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી પસાર થયો હોવાથી પોલીસે તેને અટકાવીને તલાસી લેતાં તેના કબજા માંથી ચાર નંગ ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવી હતી. આથી પોલીસે બાઈક અને દારૂ કબજે કરી લઇ આરોપી હિતેશ મારુની અટકાયત કરી લીધી છે.

આ ઉપરાંત સુપર માર્કેટ વિસ્તારમાંથી નીકળેલા સુરેશ ગિરધારીલાલ શર્મા નામના શખ્સને સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે તેને રોકી તલાસી લેતા તેના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની ૧૫ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે મુદ્દામાલ કબ્જે કરી આરોપી સુરેશ શર્માની દારૂબંધી ભંગ બદલ ધરપકડ કરવામાં આવી છે.

# શિવરાજપુર બીચ ખાતે વોટર સ્પોર્ટસ એક્ટીવીટીઝ બે વર્ષથી બંધ રહેતા સહેલાણીઓમાં નિરાશા








દ્વારકા : દ્વારકા નજીકના શિવરાજપુર બીચ ખાતે એડવેન્ચર અને સ્પોર્ટસ એકટીવીટીઝ છેલ્લા બે વર્ષ જેટલા સમયથી બંધ રહેતાં સહેલાણીઓમાં નિરાશા વ્યાપી છે. તાજેતરમાં નાતાલના મીની વેકેશનમાં લાખો પર્યટકોએ શિવરાજપુર બીચની મુલાકાત લીધી હોય આમ છતાં એડવેન્ચર અને સ્પોર્ટસ એકટીવીટીઝના શોખીન પ્રવાસીઓને શિવરાજપુરનો બ્લ્યુ ફફ્લેગ બીચ માત્ર જોવા જ મળ્યો હોય અન્ય એકટીવીટીઝ માટે દ્વારકા આવેલ સહેલાણીઓમાં ભારે નિરાશા જોવા મળી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય ઓળખ બનેલા શિવરાજપુરના બ્લ્યુ ફલેગની મુલાકાતે દર વર્ષે લાખો સહેલાણીઓ આવે છે. રાજયમાં અન્ય જગ્યાએ બનેલ દુર્ઘટના બાદ રાજયભરમાં વોટરસ્પોર્ટસ અને એડવેન્ચર સ્પોર્ટસ એકટીવીટીઝ પર રોક લગાવી દીધાની સાથે શિવરાજપુરમાં કરવામાં આવતી સ્કૂબા ડાઈવીંગ સહિત એડવેન્ચરસ અને સ્પોર્ટસ એકટીવીટી પર પણ બ્રેક લગાવી દીધાને આશરે બે વર્ષ જેટલા સમય થવા છતાં જટિલ લાયસન્સીંગ પ્રક્રિયાને લીધે આજદિન સુધી અહી સ્કૂબા ડાઈવીંગ એકટીવીટી શરૂ થઈ શકી નથી. જાણકારોના મતે તાજેતરમાં સરકાર દ્વારા વોટર સ્પોર્ટસ અને એડવેન્ચર સ્પોર્ટસ એકટીવીટીઝના નિયમોની જટિલતાને લીધે સ્થાનીય તરવૈયાઓ અને સંસ્થાઓને લાયસન્સીંગ પ્રક્રિયામાં વિલંબ થઈ રહયો હોય હજુ સુધી સ્કૂબા ડાઈવીગ સહિત અનેક એકટીવીટીઝ પુનઃ શરૂ કરી શકાઈ નથી. જેના કારણે સહેલાણીઓમાં વ્યાપક નિરાશા જોવા મળે છે.

આ અંગે દ્વારકા હોટલ એસોસીએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પરમારને પૂછતા તેઓએ જણાવેલ કે યાત્રાધામ દ્વારકામાં દર્શનાર્થે આવતાં યાત્રીકો ધાર્મિક દર્શન સાથે શિવરાજપુર બીચની મુલાકાતે પણ અચૂક જતાં હોય પર્યટકોની માંગ જોતાં અહી વોટર સ્પોર્ટસ અને એન્ડવેન્ચરસ એકટીવીટીઝના દ્વાર સરળતાથી ખૂલે તેવા પગલા લેવાય તો આ ક્ષેત્રના પર્યટનને વેગ મળે તેમ છે.